

# ‘નીતિ આયોગ’ના રિપોર્ટથી દેશના શિક્ષણની સ્થિતિ ઉઘાડી પડે છે....

નીતિ આયોગ નો હાલમાં એક ચોંકાવનારો અહેવાલ આવ્યો છે અને તે મુજબ દેશમાં છેલ્લા એક દાયકામાં 90 હજારથી વધુ સરકારી શાળાઓને તાળાં લાગ્યાં છે. તેની અસર સરકારી શાળાઓમાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા પર પણ પડી છે. સરકારી શાળાઓમાં ડ્રોપઆઉટ વિદ્યાર્થીઓની સંખ્યા 2.26 કરોડ છે. 2014-15માં સરકારી શાળાઓની સંખ્યા 11.07 લાખ હતી, જે ઘટીને 2024-25માં 10.13 લાખ થઈ છે. એટલું જ નહીં, સરકારી સહાયથી સંચાલિત શાળાઓની સંખ્યા પણ 83 હજારથી ઘટીને 79 હજાર થઈ છે. હવે જ્યારે સરકારી શાળાઓનું માળખું આ રીતે ધ્વસ્ત થઈ રહ્યું છે, ત્યારે સ્વાભાવિક છે કે તેનો લાભ ખાનગી શાળાઓને થાય, અને તે થયો પણ છે. ખાનગી શાળાઓની સંખ્યા 2.88 લાખથી વધીને 3.39 લાખ થઈ છે.

આ રિપોર્ટ આપનારું ‘નીતિ આયોગ’ પહેલાં શું હતું તે જાણી લઈએ. ‘નીતિ આયોગ’ પહેલાં આયોજન પંચ તરીકે ઓળખાતું હતું. 2014માં જ્યારે હાલની એનડીએ (નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ) સરકાર સત્તામાં આવી, ત્યારે આયોજન પંચનું નામ બદલીને ‘નીતિ આયોગ’ કરવામાં આવ્યું. ‘નીતિ’ તેનું ટૂંકું નામ છે. તેનું પૂરું નામ ‘નેશનલ ઇન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મિંગ ઇન્ડિયા’ છે. હવે તેનું મુખ્ય કાર્ય દેશની નીતિઓ ઘડવા અંગે વિચાર કરવાનું છે, ખાસ કરીને આર્થિક વિકાસ અંગે. આ સંદર્ભે ‘નીતિ આયોગ’ રાજ્યો સાથે સંકલનનું પણ કાર્ય કરે છે. તેના અધ્યક્ષ ખુદ વડા પ્રધાન નરેન્દ્ર મોદી છે. એ રીતે ‘નીતિ આયોગ’નું વિશેષ મહત્ત્વ છે. તેથી તેના દ્વારા રજૂ કરાયેલા આ આંખ ઉઘાડનારા અહેવાલને વધુ સૂક્ષ્મતાથી જોવો જોઈએ, જેથી દેશની શિક્ષણ વ્યવસ્થાની સ્થિતિનો વિગતવાર ચિતાર મળી શકે.

‘નીતિ આયોગ’ના ‘સ્કૂલ એજ્યુકેશન સિસ્ટમ ઇન ઇન્ડિયા’ અહેવાલમાં અનેક વિગતો સમાવિષ્ટ કરવામાં આવી છે. આ અહેવાલના 232 પાનાં છે અને તેમાં દેશ આઝાદ થયો ત્યારથી શિક્ષણ અંગે લેવાયેલા પગલાં અને રચાયેલા વિવિધ કમિશનોની માહિતી આપવામાં આવી છે. જેમ કે શિક્ષણ સંબંધિત સૌથી પહેલું ‘મુદલિયાર કમિશન’ 1952માં રચાયું હતું. ત્યારબાદ 1964માં ‘કોઠારી કમિશન’ આવ્યું. 1968માં ‘નેશનલ પોલિસી ઓન એજ્યુકેશન’ ઘડાઈ. સમયાંતરે ‘મિડ-ડે મીલ સ્કીમ’, ‘સર્વ શિક્ષા અભિયાન’, ‘નેશનલ કરિક્યુલમ ફ્રેમવર્ક’ અને આખરે શિક્ષણ ક્ષેત્રે મૂળભૂત પરિવર્તન લાવનારી 2020ની ‘નેશનલ એજ્યુકેશન પોલિસી’ અમલમાં આવી.

આ અહેવાલના 14મા પાનાં પર શાળાઓની માહિતી આપવામાં આવી છે. તે મુજબ દેશમાં કુલ સરકારી શાળાઓની સંખ્યા 10,13,322 છે. સરકારી સહાયપ્રાપ્ત શાળાઓની સંખ્યા 79,349 છે. ખાનગી શાળાઓની સંખ્યા વધીને 3,39,583 થઈ છે, જ્યારે આ બંને કેટેગરીમાં ન આવતી શાળાઓની સંખ્યા 39,219 છે. શાળાઓના પ્રમાણમાં જ દેશમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓની સંખ્યા વહેંચાયેલી છે. દેશમાં કુલ શિક્ષકોની સંખ્યા આશરે એક કરોડ છે અને આ શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા 24.69 કરોડ છે. સ્વાભાવિક છે કે આ અહેવાલ સરકારના ‘નીતિ આયોગ’ દ્વારા તૈયાર કરવામાં આવ્યો હોવાથી તેમાં કેટલીક બાબતોમાં સકારાત્મક પાસાઓને પણ ઉજાગર કરવામાં આવ્યા છે. જેમ કે દેશમાં શિક્ષણ વ્યવસ્થામાં નોંધપાત્ર પ્રગતિ થઈ હોવાનું દર્શાવવામાં આવ્યું છે. વીજળી ધરાવતી શાળાઓનું પ્રમાણ એક દાયકા પહેલાં 56 ટકા હતું, જે વધીને હવે 92 ટકા થયું છે. એટલે કે વીજળીની

**સમયાંતરે ‘મિડ-ડે મીલ સ્કીમ’, ‘સર્વ શિક્ષા અભિયાન’, ‘નેશનલ કરિક્યુલમ ફ્રેમવર્ક’ અને આખરે શિક્ષણ ક્ષેત્રે મૂળભૂત પરિવર્તન લાવનારી 2020ની ‘નેશનલ એજ્યુકેશન પોલિસી’ અમલમાં આવી**

ઉપલબ્ધતાના મામલે નોંધપાત્ર સુધારો થયો છે. તે જ રીતે ઇન્ટરનેટ કનેક્ટિવિટી પણ આઠ ગણી વધી છે. પીવાના પાણીની સુવિધા, મધ્યાહન ભોજન અને શૌચાલય જેવી મૂળભૂત સુવિધાઓમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. જોકે છેલ્લા ઘણા સમયથી દેશમાં માળખાગત સુવિધાઓમાં જે રીતે વધારો થયો છે, તે પ્રમાણે ગુણવત્તાયુક્ત શિક્ષણમાં સુધારો જોવા મળ્યો નથી. તેની સાક્ષી ‘નીતિ આયોગ’નો અહેવાલ જ પૂરી પાડે છે. વાંચન ક્ષમતા અંગે તેમાં આપવામાં આવેલી માહિતી મુજબ ધોરણ 3માં અભ્યાસ કરતા સરકારી અને ખાનગી શાળાના એવા વિદ્યાર્થીઓ, જેઓ ધોરણ 2ના સ્તરનું વાંચન કરી શકતા હતા, તેમનું પ્રમાણ 2014માં 23.6 ટકા હતું, જે 2024માં વધીને 27.2 ટકા થયું છે. એટલે કે વાંચન ક્ષમતામાં માત્ર લગભગ ત્રણ ટકાનો સુધારો થયો છે.

**પગરવ**

★ પ્રશસ્ત પંડ્યા

તે જ રીતે ધોરણ 3ના વિદ્યાર્થીઓની પાયાની ગણિતીય ક્ષમતા, જે 2014માં લગભગ 25 ટકા હતી, તે વધીને હવે 33.7 ટકા થઈ છે. નિઃસંદેહ ગુણવત્તાયુક્ત શિક્ષણમાં સુધારો લાવવો પડકારજનક છે અને તેમાં ધીમે ધીમે સુધારો થઈ રહ્યો છે. પરંતુ જે રીતે માળખાગત સુવિધાઓનો પ્રચાર થાય છે, તે રીતે શિક્ષણની ગુણવત્તાના મુદ્દાઓને પ્રાથમિકતા આપવામાં આવતી નથી. કદાચ સરકારને લાગે કે આવી વિગતો તેમની મર્યાદા દર્શાવશે, પરંતુ શિક્ષણ અને સ્વાસ્થ્ય જેવા ક્ષેત્રોમાં મર્યાદાઓ જેટલી સ્પષ્ટ દેખાશે, તેટલી જ તેના સુધારા માટેની ચર્ચા આગળ વધશે.

શિક્ષણ સંબંધિત સર્વેક્ષણની વાત કરીએ તો શિક્ષણ મંત્રાલય દ્વારા ‘પરખ રાષ્ટ્રીય સર્વેક્ષણ’ પણ કરવામાં આવે છે. છેલ્લું સર્વેક્ષણ 2024માં થયું હતું. તેના આંકડા જોઈએ તો શિક્ષણ સંબંધિત વધુ વિસ્તૃત માહિતી મળે છે. ગુજરાતના આંકડા જોઈએ તો રાજ્યમાં ધોરણ 3ના વિદ્યાર્થીઓમાં ભાષાની સમજણનું પ્રમાણ 57 ટકા છે, જ્યારે દેશની સરેરાશ 64 ટકા છે. એ જ રીતે ગણિતમાં પણ ગુજરાત દેશની સરેરાશથી પાછળ છે.

આ જ અહેવાલમાં એક ચોંકાવનારી વિગત એ પણ છે કે સરકારી સહાયપ્રાપ્ત શાળાઓના વિદ્યાર્થીઓનું પ્રદર્શન સરકારી અને ખાનગી બંને પ્રકારની શાળાઓ કરતાં વધુ સારું છે. સરકારી અને ખાનગી શાળાના વિદ્યાર્થીઓ ભાષા અને ગણિત બંનેમાં લગભગ સમાન રીતે પાછળ છે, જ્યારે સરકારી સહાયપ્રાપ્ત શાળાઓનું પરિણામ વધુ સારું જોવા મળે છે.

‘પરખ રાષ્ટ્રીય શિક્ષણ - 2024’ મુજબ રાજ્યમાં ધોરણ 3ના સર્વેક્ષણમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા જિલ્લાઓમાં અમદાવાદ, દાહોદ, ડાંગ, સુરેન્દ્રનગર, તાપી, સાબરકાંઠા, ભાવનગર અને ગાંધીનગરનો સમાવેશ થાય છે. ત્યારબાદ બોટાદ, આણંદ, નર્મદા, મહિસાગર, ભરૂચ, વલસાડ, પંચમહાલ અને મોરબી આવે છે. ત્યાર પછીના સ્તરે અન્ય જિલ્લાઓનો સમાવેશ થાય છે.

જ્યારે ધોરણ 6ના વિદ્યાર્થીઓના પરિણામો જોઈએ તો જૂનાગઢ અને દેવભૂમિ દ્વારકા શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા જિલ્લાઓમાં આવે છે. રસપ્રદ વાત એ છે કે આ બંને જિલ્લાઓમાં ધોરણ 3 સુધી ભાષા અને ગણિતમાં વિદ્યાર્થીઓનું પ્રદર્શન પ્રમાણમાં નબળું હોય છે, પરંતુ ધોરણ 6 સુધી પહોંચતાં તેમનું સ્તર નોંધપાત્ર રીતે સુધરી જાય છે. જોકે આ સુધારો કયા કારણોસર થયો તેનો અભ્યાસ અહેવાલમાં જોવા મળતો નથી. એટલે આવા અહેવાલોમાં માહિતી તો મળે છે, પરંતુ શિક્ષણ ક્ષેત્રના પ્રશ્નોના ઉકેલ માટે જરૂરી માર્ગદર્શન મળતું નથી.

શિક્ષણને લઈને આપણા દેશમાં સતત નવી નીતિઓ ઘડાય છે, પરંતુ તેનું અપેક્ષિત પરિણામ હજુ દેખાતું નથી. હાલમાં નીટ પરીક્ષાના પેપર લીક જેવી ઘટનાઓએ તો શિક્ષણ વ્યવસ્થા અંગે ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે. શિક્ષણ સંબંધિત અનેક અભ્યાસો દર્શાવે છે કે આપણે વિકસિત દેશોની સરખામણીએ હજુ ઘણાં પાછળ છીએ.

શિક્ષણ પાછળના ખર્ચની વાત કરીએ તો દેશ હાલમાં પોતાના કુલ જીડીપીના આશરે 4.6 ટકા જેટલો ખર્ચ શિક્ષણ પર કરે છે. આ આંકડો ઇટાલી, કેનેડા અને ચીન જેવા દેશોની નજીકનો છે. છતાં આ દેશોએ શિક્ષણમાં કરેલા રોકાણના જે પરિણામો મેળવ્યા છે, તેવા પરિણામોની રાહ આપણે હજુ જોઈ રહ્યા છીએ.

આ રીતે ‘નીતિ આયોગ’ અને ‘પરખ’ જેવા અહેવાલો જોઈએ તો આપણી શિક્ષણ નીતિની અનેક મર્યાદાઓ સ્પષ્ટ દેખાય છે. નિઃસંદેહ આપણે શિક્ષણ ક્ષેત્રે આગળ વધી રહ્યા છીએ, પરંતુ તેની ગતિ હજુ ધીમી છે. જો આ ગતિ આવી જ રહેશે, તો દેશ આર્થિક રીતે ગમે તેટલો આગળ વધે, છતાં તેના અનેક સામાજિક અને વિકાસ સંબંધિત પ્રશ્નો વધુ ગૂંચવણભર્યા બનતા જશે.

